
# 7. જેસલમેર



**ગુલામ મોહમ્મદ શેખ**
**જન્મ : ઈ.સ. ૧૯૩૭**

ગુલામ મોહમ્મદ શેખનો જન્મ સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગરમાં થયો હતો. તેઓએ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, બરોડામાં અભ્યાસ કર્યો હતો. તેમજ કલા-શિક્ષણકાર્ય પણ ત્યાં કર્યું હતું. તેઓ લેખક અને કલા વિવેચક છે. ખાસ તો વિશ્વકક્ષાના ખ્યાતનામ ચિત્રકાર છે. વિવિધ આર્ટગેલેરીમાં તેમના પ્રદર્શનો યોજાયા છે. વિદેશની યુનિવર્સિટીઓમાં પણ સેવાઓ આપી છે. તેઓના સંપાદિત પુસ્તકો વિવેચકોમાં પ્રશંસાપાત્ર રહ્યા છે. તેઓ 'પદ્મશ્રી' અને 'પદ્મવિભૂષણ'થી સન્માનિત થયા છે.

જેસલમેર એ અછાંદસ ઊર્મિ કાવ્ય છે. પદ્ય સાહિત્યમાં અછાંદસ કાવ્યનું ઠીક ઠીક ખેડાણ થયેલું જોવા મળે છે. આ કાવ્યપ્રકારમાં છંદના બંધારણનું બંધન હોતું નથી. તેમાં ભાવ અભિવ્યક્તિ સાથેની સર્જનાત્મકતાનું ખાસ મૂલ્ય, મહત્ત્વ રહેલું હોય છે. કાવ્યનું સૌંદર્ય કશા બંધન વગર પણ અસરકારક રીતે નીખરી આવતું હોય છે. વિષય અને શબ્દની ચોટ અગત્યની હોય છે. આ સ્વરૂપમાં એક ભાવ અને વિચારનું અસરકારક નિરૂપણ હોય છે. વિચાર, ચિંતન અને કલ્પનાથી આ અનુભવ સઘન બને છે. છંદોબદ્ધ, અછાંદશ કે ગદ્યની નજીકની આ ભાષા હોય, પરંતુ એમાં શબ્દની સ્વર વ્યંજન સંવાદિતાનો એક ભાવવાહી લય ગૂંથાતો હોય છે.

આ કાવ્યમાં રાજસ્થાનના જેસલમેર શહેર-નગરનું પ્રાકૃતિક અને સાંસ્કૃતિક વર્ણન કરવામાં આવ્યું છે. જેમાં જેસલમેરને 'મરુથલે મોતી મઢ્યું નગર' ઉપમા આપવામાં આવી છે. જેમાં ટોડલે મોર, ભીંતે ફરે હાથી, ઝરુખે પથ્થરનું હીરભરત... જેવાં પ્રતીકો દ્વારા નગરની આગવી ઓળખ ઊભી થાય છે. લોઢાનું બારમું, આઠ પેઢીના હાથનો ઘચરકો જેવાં પ્રતીકો દ્વારા રાજાશાહીની ઝલક અનુભવાય છે. બકરા, ઊંટ.. રાજસ્થાની પ્રાણીઓની ઓળખ છે. વંડી, ચીર, ફુગાઈ ગયેલો અંધાર, ઢીલી વાટ, લાલચટક ચૂલાની ઝાળ, ચૂંદડીનું અજવાળું, રોટલા ટીપતી સોનેરી કન્યા... સઘળું રાજસ્થાની સંસ્કૃતિને ઉજાગર કરે છે.

---

મરુથલે મોતીમઢ્યું આ નગર,
એને ટોડલે મોર અને ભીંતે ફરે હાથી,
ઝરૂખે ઝરૂખે પથ્થરનું હીરભરત.
બારીએ બારીએ બુઠ્ઠી તરવારોનાં તોરણ.
સાંજના અજવાળે ભીંતો નારંગી ચૂંદડીની જેમ ફરફરે,

બારણે લોઢાના કડે
આઠ પેઢીના હાથનો ઘસરકો.
ફળિયે ફરે બે ચાર બકરાં શ્યામ
ડેલી બા'ર ડ્હેકાર દે કામઢું ઊંટ.

વચલી વંડીએ સુકાય રાતાં ચીર
અંધારીએ ઓરડે ફુગાઈ ગયેલા અંધારે

ફરફરે ઢીલી વાટ.
લાલચટક ચૂલાની ઝાળ અને ચૂંદડીના અજવાળે
રોટલા ટીપતી સોનેરી કન્યા.

## ટિપ્પણ

**મરુ** - રણ **મરુથલ** - રણ વિસ્તાર **ઝરૂખે** - બારી બહાર કાઢેલું ઝઝૂમતું બાંધકામ, છજું **તરવાર** - તલવાર **ભીંત** - દીવાલ **પેઢી** - વંશવૃક્ષ, કુળ **ઘસરકો** - કાપો, આંકો **ડેલી** - ખડકી **કામઢું** - કામકરંદુ, ઉત્સાહથી સતત કામકરનારું **વંડી** - ખુલ્લી જમીનની આસપાસની નાની ભીંત **ચીર** - વસ્ત્ર **વાટ** - (અહીં) દિવેટ **ઝાળ** - અગ્નિની જ્વાળા

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. કવિને જેસલમેર શાનાથી મઢેલું લાગે છે ?
2. જેસલમેરમાં ઝરૂખે શાનું ભરતકામ થયેલું છે ?
3. ઘરની બારીઓ શાના વડે શોભી રહી છે ?
4. સંધ્યાટાણે ભીંતો કેવી ભાસે છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. જેસલમેરનાં ફળિયા અને ડેલી બહારનું વર્ણન કરો.
2. સોનેરી કન્યાનું વર્ણન કરતાં કવિએ શું લખ્યું છે ?

**પ્રશ્ન 3. કાવ્યના આધારે જેસલમેરનું વર્ણન કરો.**

**પ્રશ્ન 4. યોગ્ય જોડી ગોઠવો.**

| (અ) | (બ) |
|---|---|
| ટોડલે | હાથીનું ચિત્ર |
| ઝરૂખે | તલવારોનું તોરણ |
| બારીએ | લોઢાનું કડું |
| બારણે | પથ્થરનું હીરભરત |
| ભીંતે | મોર |

**પ્રશ્ન 5. સમાનાર્થી શબ્દ લખો.**

હાથી,સાંજ, શ્યામ, ચીર, નગર, ઓરડો

**પ્રશ્ન 6. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

બુઠ્ઠું, અજવાળું, કન્યા, અંદર, સાંજ

**આટલું કરો**

1. તમારા ગામ કે શહેરની સુંદરતાને વર્ણવતું કાવ્ય લખી શિક્ષકને બતાવો.
2. ઇન્ટરનેટનો ઉપયોગ કરી જેસલમેરની તસવીરો મેળવીને તેનો ચાર્ટ વર્ગમાં લગાડો.
3. આ કાવ્યનું પઠન તમારા મિત્રો સમક્ષ કરો.

●